

### અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં - ૮ પર

# રતનપુર ચેકપોસ્ટ નજીક અણસોલના ગ્રામજનો રોડ પર ઉતર્યા

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવ નં.૮ને દોઢ દાયકા બાદ પહોળો કરવાની કામગીરી ચાલી રહી છે. ચિલોડાથી શામળાજી સુધીના ફોર લેન હાઈવેને સિક્સ લેન બનાવવામાં આવી રહ્યો છે ત્યારે અંદાજીત ૯૩ કી.મી.ના અંતરમાં ૯ જેટલા ફ્લાયઓવર, ૯ અંડર બ્રિજ અને ૧૩ જેટલા નાના વાહનો માટેના અંડર બ્રિજ બનાવવામાં આવવાના છે. શામળાજી પંથકના સિક્સલેન રોડ પર આવેલા ગામડાઓના લોકો વારંવાર ચકકજામ કરી ઓવરબ્રિજ બનાવવાની માંગ કરતા નેશનલ હાઈવે ઑથોરિટી, વહીવટી તંત્ર અને શામળાજી પોલીસતંત્રને પરેડ કરાવી રહ્યા છે વારંવાર ને.હા.નં-૮ પર અલગ-અલગ ગ્રામ્ય વિસ્તારના લોકો રોડ ચક્કાજામ કરતા વાહનચાલકોને ભારે હાલાકી વેઠવી પડી રહી છે.

શામળાજી નજીક ને.હા.નં-૮ પર રતનપુર ચેકપોસ્ટ નજીક અણસોલ ગામના ગ્રામજનો હાઈવે નજીક શાળા આવેલી હોવાના પગલે અને હાઈવે રોડ પરથી પસાર થતા વાહનચાલકો પૂર ઝડપે વાહનો હંકારતા હોવાથી છાસવારે અકસ્માતની ઘટના બનતી હોવાથી શાળામાં અભ્યાસ



કરતા બાળકોને જીવને જોખમ ઉભું થતા અણસોલ નજીક ઓવરબ્રિજ બનાવવાની માંગ સાથે ચક્કાજામ કરતા તંત્ર દોડતું થયું હતું. સતત વાહનોથી ધમધમતા અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર ત્રણ કલાકથી વધુ ચક્કાજામ કરતા ૧૫ કીમી જેટલી વાહનોની લાંબી કતારો જામતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. શામળાજી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હાઈવે પર લોકોએ કરેલ ચક્કાજામ સમજાવટથી દૂર કરાવવાનો પ્રયત્ન કરતા ગ્રામજનોએ વારંવાર થતા અકસ્માતના પગલે ઓવરબ્રિજ બનાવવાની વહીવટીતંત્રમાં લેખિત રજૂઆતની માંગ પર અડગ રહેતા ભિલોડા મામલતદારે ઘટનાસ્થળે પહોંચી ગ્રામજનો સાથે વાટાઘાટો કરી. તેમના પ્રશ્નનું નિરાકરણ લાવવા એન.એચ.એ.આઈ.માં રજુઆત કરી યોગ્ય નિરાકરણ લાવવાની બાંહેધરી આપતા છેવટે ગ્રામજનોએ ચક્કાજામ દૂર કરતા પોલીસતંત્રએ ટ્રાફિક પૂર્વરત કરાવ્યો હતો.

ચક્કાજામ કરનાર લોકોના જણાવ્યા અનુસાર અણસોલ પાટિયા નજીક એક મહિનામાં ૫ થી વધુ અકસ્માતની ઘટનાઓ બનતી હોય છે. આજુબાજુના અનેક લોકોએ અકસ્માતમાં જીવ ગુમાવ્યો છે અનેક નિર્દોષ રાહદારીઓ અને આજુબાજુના ગ્રામજનો માટે પણ અકસ્માત ઝોન બની રહેતા ઓવરબ્રિજ કે અંડરબ્રિજ બનાવવાની માંગણી સંતોષવામાં નહિ આવેતો આગામી સમયમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશેની ચીમકી ઉચ્ચારી હતી.

# મોડાસા સામુહિક આત્મહત્યા પ્રયાસ કરનાર પરિવાર પર આભ તૂટી પડ્યું

### મૃતકના બે સાળાની કારને દહેગામ નજીક અકસ્માત થતા કમકમાટી ભર્યું મોત

મોડાસા શહેરના નામાંકિત વેપારી નૈનેશ હસમુખ લાલ શાહ અને તેમની પત્ની દામિની બહેન



શાહ અને નંદ (પુત્ર) અને વિધિ (પુત્રી) એ ઉદેપુરની હર્ષ પેલેસમાં બુધવારે બપોરે સામુહિક આત્મહત્યાના પ્રયાસમાં પતિ-પત્નીનું મોત નિપજતા ભારે ચકચાર મચી હતી પરિવારના પુત્ર-પુત્રી ને ઉદેપુર હોસ્પિટલ ખસેડાયા બાદ પરિવારજનો વધુ સારવાર અર્થે ઉદેપુરથી બંનેને મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યા હતા તબીબોની સઘન સારવાર પછી પુત્ર-પુત્રીનો સ્વસ્થ થતા તેમના મમ્મી-પપ્પા હવે આ દુનિયામાં રહ્યા નથી તેવું જણાવવાનું પરિવારજનોએ નક્કી કર્યું હતુ.

પ્રાપ્ત માહિતી મુજબ, સોમવારે નંદ અને વિધિને દુઃખદ ઘટનાની સાચી પરિસ્થતીથી વાકેફ કરવા તેમના પરિવારજનોએ તેમના અંગત સગા-સંબંધીની ઉપસ્થિતિમાં જણાવવાનું નક્કી કરતા મૃતક નૈનેશ શાહ( મુખી) ના અમદાવાદ રહેતા જીજાજી શૈલેષભાઈ.જે.શાહ તેમની કારમાં સાબરમતી (ચાંદખેડા) વિસ્તારમાં રહેતા દામિની બેનના ભાઈ પરાગભાઈ વ્રજવલ્લભભાઈ મોદી અને મેહુલ મોદી ને લઈને મોડાસા આવવા નીકળ્યા હતા નરોડા-ચિલોડા રોડ પર તેમની કારને ડમ્પરે ધડાકાભેર ટક્કર મારતા કારની ખાલી સાઈડનો કડૂચાલો વળી જતા કારમાં સવાર પરાગ ભાઈ અને મેહુલભાઈ નું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું જયારે કાર ડ્રાઈવ કરી રહેલા શૈલેષભાઈના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે નરોડાની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા.

સામુહિક આત્મહત્યાના પ્રયાસમાં મૃતક દંપતીની શોકમાં ડૂબેલો વણિક પરિવાર હજુતો આઘાતમાંથી બહાર આવ્યો નથી ત્યારે વધુ એક અકસ્માતની ઘટનામાં પરિવારે બે યુવાનો ગુમાવતા પરિવાર પર આભ તૂટી પડ્યું છે કોણ કોને સમજાવે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે ટૂંકા ગાળામાં એકજ પરિવારના ચાર સદસ્યોનું અકાળે મોત નિપજતા વણિક સમાજમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

# પ્રાંતિજના તાજપુર મહાકાલી ફાર્મમાં તસ્કરો ત્રાટક્યા

### બંધ મકાનનું તાળુ ખોલી ૧૫ તોલા સોનાના દાગીના, ૧૫ હજારની ચોરી

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના તાજપુર ગામની સીમમાં આવેલ મહાકાલી ફાર્મ ખાતે મકાનનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી અજાણ્યા તસ્કરો ૧૫ તોલા સોનાના દાગીના ૧૫ હજાર રોકડ રકમની ચોરી કરી રફુચક્કર થતા મકાન માલિક દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ હતી.

પ્રાંતિજના તાજપુર ગામની સીમમાં ખેતરોમાં આવેલ મહાકાલી ફાર્મમાં રહેતા પંકજભાઈ પટેલ તેમના પરિવાર સાથે રવિવારનો દિવસ હોવાથી રાત્રીના આઠ કલાકે ગામમાં આવેલ મંદિરમાં દર્શન કરવા ગયા હતા અને તે



સમયગાળા દરમ્યાન કોઈ અજાણ્યા તસ્કરો દ્વારા તેમણા મકાનનું તાળુ તોડી મકાનમાં પ્રવેશ કરી મકાનમાં ઘુસીને ઘરમા રહેલ તિજોરીના તાળા તિજોરીમાં રહેલ સરસામાન અસ્તવ્યસ્ત કરી તિજોરીમાં રહેલ સોનાના દાગીના ૧૫ તોલા તથા ૧૫ હજાર રોકડા સહિતની અજાણ્યા તસ્કરો દ્વારા ચોરી કરી પલાયન થયા હતા. પંકજભાઈ પટેલ તેવોના પરિવાર સાથે મંદિરેથી ઘરે આવતા આગળના દરવાજો તાળું મારેલ હોવાછતાં ખુલ્લુ જોવા મળતા ઘરમા જઈને તપાસ કરતાં તીજોરી ખુલ્લી અને તિજોરીમાં રહેલ સરસામાન વેરવિખેર જોવા મળતાં બુમાબુમ કરી મુકી હતી. તેમના ઘરે ગામમાંથી લોકો દોડી આવ્યા હતા. આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસને કરતા પ્રાંતિજ બીટ જમાદાર કાનજીભાઈ સહિત પોલિસ ઘટનાસ્થળે જઈ આગળની તપાસ હાથ ધરી છે.

# ડીસા વાડીરોડ વિસ્તારના રહીશોએ ચીફ ઓફિસરને આવેદનપત્ર આપ્યું

### સફાઇ જેવી પાયાની સુવિધાનો પણ અભાવ : સદસ્યો વિસ્તારમાં ફરકતા ન હોવાથી રહીશોમાં રોષ

ડીસાના વાડીરોડ વિસ્તારમાં છેલ્લા કેટલાય સમયથી પાયાની ગટર સફાઈ પણ થતી નથી. જે મામલે સ્થાનિક રહીશો દ્વારા મચ્છરનો ઉપદ્રવ વધી રહ્યો છે તેમજ દુર્ગંધ પણ ફેલાઈ રહી છે આ ખુલ્લી ગટરમાં કેટલીયવાર બાળકો પડવાના બનાવો બની ચુક્યા છે. તો



અવારનવાર નગરપાલિકામાં રજુઆત કરવામાં આવે છે તેમછતાં આ વિસ્તારમાંથી નગરપાલિકામાં ચુંટીને મોકલેલા એકપણ સદસ્ય દ્વારા આ બાબત ધ્યાનમાં લેવામાં ન આવતા વિફરેલા આ વિસ્તારના રહીશો પાલિકા ખાતે દોડી આવ્યા હતા અને પોતાની સમસ્યા બાબતે ચીફ ઓફિસરને આવેદનપત્ર આપી રજુઆત કરીને જણાવ્યું હતું કે અમારા વિસ્તારમાં ગટર લાઈનનું કામકાજ કરવામાં આવી રહ્યું છે જેમાં નગરપાલિકાના સત્તાધીશો ભેદભાવ ભરી નીતી અપનાવી રહ્યા છે. અમારા વિસ્તારમાં આંગણવાડી કેન્દ્ર આવેલું છે જ્યાં ૧૦૦થી વધુ બાળકો આવે છે પરંતુ ખુલ્લા ગટરના લીધે બાળકો પણ બિમારીમાં સપડાઈ રહ્યા છે ખુલ્લી ગટરના લીધે કેટલાક બાળકો ડેન્ગ્યુની બિમારીનો ભોગ બની ચુક્યા છે પરંતુ નગરપાલિકા દ્વારા આ ખુલ્લી ગટરનું નાળું બનાવવામાં આવતું નથી પણ જ્યાં જરૂર નથી ત્યાં નગરપાલિકા દ્વારા ગટરનું નાળું બનાવવામાં આવી રહ્યું છે. આ બાબતે અગાઉ પણ નગરપાલિકામાં ઘણી વખત રજુઆત કરવામાં આવી છે પરંતુ સત્તાધિશો દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. ઉલટાનું વારંવાર સ્થાનિકો દ્વારા નગરપાલિકામાં રજુઆત કરવામાં આવતી હોવાથી હવે નગરપાલિકા દ્વારા સાફસફાઈ પણ બંધ કરવામાં આવી રહી છે અને કોઈ વાર આવતા સફાઈ કામદારો પણ પોતાની મનમાની ચલાવે છે જેવા આક્ષેપો કરવામાં આવ્યા હતા.

# પાલનપુરની ડમ્પિંગ સાઈટ પરથી કચરો આરોગતા ૧૦ ગાયોના મોત

### ૧૦થી વધુ બીમાર ગાયોને ૪ તબીબો દ્વારા સારવાર અપાઇ

પાલનપુર

પાલનપુરની ડમ્પિંગ સાઈટ પરથી કચરો આરોગતા ૧૦ ગાયોના મોત નિપજી ગયા હતા. જ્યારે ૧૦થી વધુ ગાયો બીમાર પડી ગઈ હતી અને જીવન મરણ વચ્ચે ઝોલા ખાતા ગાયોને બચાવવા ૪ તબીબો દ્વારા સારવાર અપાઈ હતી.



પાલનપુર શહેરના માલણ દરવાજા વિસ્તાર નજીક આવેલી ડમ્પિંગ સાઈટ પર શનિવારે સાંજે કચરો આરોગ્યા બાદ ખોરાકી ઝેરની અસરને લીધે દસ ગાયો ના મોત નિપજ્યા હતા જેમાં એક જ માલિકની પાંચ ગાયો મોતને ભેટી હતી. જ્યારે ૧૦થી વધુ ગાયો માલણ દરવાજા ડમ્પિંગ સાઈડ થી વાડા પર પરત ફરતા બીમાર પડી ગઈ હતી. જેથી સમગ્ર સ્થિતિનો ખ્યાલ આવ્યો હતો. ગાય માલિકો તપાસ કરવા માટે ડમ્પિંગ સાઈટ પર પહોંચ્યા હતા જ્યાં મોટી માત્રામાં ઈંડા નો જથ્થો તેમજ પાવડર જોવા મળ્યો હતો જેની નજીક ગાયોના મૃતદેહ પડયા હતા. ઘટનાની ગંભીરતાને પગલે કરૂણા એનિમલ હેલ્પ લાઈનને બોલાવાઈ હતી ઉપરાંત અન્ય ખાનગી તબીબો પણ ગાયો ની સારવાર માટે આવી ગયા હતા. જ્યાં તબીબોએ જણાવ્યું હતું કે ખોરાકી ઝેરની અસરને લીધે ગાયોના મોત થયા હોવાનું હાલ મનાઈ રહ્યું છે. વોર્ડ નંબર ૩ ના સ્થાનિક નગરસેવક રાજુભાઈ માળીએ જણાવ્યું હતું કે ગાયોના મોત કેવી રીતે થયા છે તે મામલે તપાસ કરાવીશું અને ઘટનામાં જે કોઈ દોષિત હશે તેની સામે પગલાં લઈશું.

કચરો આરોગતા જેમની ગાયો મોતને ભેટી છે એમાં ઈશ્વરભાઈ દેસાઈની ૫, મયુરભાઈ દેસાઈની ૨, મોહનભાઈ દેસાઈની ૧, શિલ્પાબેન દેસાઈની ૧, જ્યારે દેવીબેન દેસાઈની ૧ ગાય મળી કુલ ૧૦ ગાયો મોતને ભેટી હતી.

# મોડાસા ટાઉન પોલીસે જુગાર રમતા ૮ શકુનિઓની અટકાયત

મોડાસા, તા. ૧૬

સોમવારના રોજ મોડાસા ટાઉન પોલીસ સર્વેલન્સ સ્કોડના સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતી દરમિયાન બાતમી મળતાં પોલીસે



બાજકોટ છાપરા ગામની સીમમાંથી નદિના કિનારે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૮ જુગારીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે જુગારીઓ પાસેથી ૧,૫૮,૫૫૦નો મુદ્દામાલ ઝડપી જુગારીઓની અટકાયત કરી હતી. પોલીસે જુગારીઓની ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ દારૂ જુગારની બદીને રોકવા માટે પોલીસ પેટ્રોલીંગ કરી રહી છે. દરમિયાન મોડાસા ટાઉન પીઆઈ એન.કે. રબારી અને સર્વેલન્સ સ્કોડના સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા. દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે બાજકોટ છાપરા ગામની સીમમાં નદીના પટમાં જુગાર રમાઈ રહ્યો છે. બાતમીને આધારે પોલીસે ચાણક્ય સ્કૂલની સામે માજુમ નદીના કિનારે તપાસ કરતાં નદીની ખુલ્લી જગ્યામાં જુગાર રમાઈ રહ્યો હતો. દરમિયાન પોલીસે રેઈડ કરી ૮ ઈસમો સાથે ૧૦,૦૫૦ની રોકડ, ૧૩,૫૦૦ના મોબાઈલ, ત્રણ મોટરસાઈકલ જેની કિંમત રૂા.૧,૩૫,૦૦૦ મળી કુલ રૂપિયા ૧,૫૮,૫૫૦નો મુદ્દામાલ ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જુગાર રમતા પકડાયેલા શકુનીઓમાં પ્રકાશભાઈ સવજીભાઈ સલાટ (મારવાડી), બાબુભાઈ ઉર્ફે ભોલ્યો લીંબાભાઈ બોદર, રમેશભાઈ ચંદુભાઈ થોરી, સુનિલભાઈ ભુપતભાઈ ઠાકોર, રૂચિતભાઈ મુકેશભાઈ બામણિયા, રમેશભાઈ લક્ષ્મણભાઈ થોરી, જયપાલભાઈ ઉર્ફે બોડો સોમાભાઈ કટારા, નીતીનભાઈ ઉર્ફે ભય્યો બચુભાઈ ગરાસીયા, (તમામ રહે.મોડાસા સર્વોદયનગર ડુંગરી)

# કામધેનુ યુનિવર્સિટી દ્વારા ૧૯મીએ નવા રાજપુર, હિંમતનગર ખાતે યોજાશે ત્રિવિધ કાર્યક્રમ

હિંમતનગર, તા. ૧૬

કામધેનુ યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા તા.૧૯-૧૨-૨૦૧૯, ગુરૂવારના રોજ પશુપાલન પોલીટેકનીક, હિંમતનગર (નવા) રાજપુર ખાતે મંત્રી પાણી પુરવઠા, પશુપાલન, ગ્રામ ગૃહ નિર્માણ કુંવરજીભાઈ બાવળિયાના વરદ્‌હસ્તે પશુપાલન પોલીટેકનીકની ૫૦ વિધાર્થીનીઓને સમાવવાની ક્ષમતા ધરાવતા ગર્લ્સ હોસ્ટેલનું ભૂમિપૂજન અને પશુચિકિત્સા શિક્ષણની પ્રત્યક્ષ તાલીમ માટે તૈયાર થયેલું અદ્યતન સંકૂલ 'ટીચિંગ વેટરીનરી કલીનીકલ કોમ્પ્લેક્ષ'નું લોકાર્પણ કરવામાં આવશે. ત્યારબાદ મંત્રી તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કામધેનુ યુનિવર્સિટીના આઠ પશુપાલન પોલીટેકનીકના ૧૬૦ વિદ્યાર્થીઓ માટે પ્રમાણપત્ર તથા ગોલ્ડ મેડલ વિતરણનો કાર્યક્રમ યોજાશે.